1-2/1

રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા કરવામાં આવતા
કામોના ટેન્ડરો મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક : સરપ-૧૦૦૧-૨૩૫-ઝ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૦૭-૦૫-૨૦૦૧.

__વંચાણે લીધો :-__ નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ સરપ-૧૦૯૭-૧૦૯-ઝ, તા. ૧૩-૦૫-૯૭.

__પ રિ પ ત્ર :-__

નાણા વિભાગના તા. ૧૩-૦૫-૯૭ના વંચાણે લીધેલ પરિપત્રથી રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા કરવામાં આવતી ખરીદીઓ તથા કામોના ટેન્ડરો બાબતની હાલની સત્તા મર્યાદામાં ફેરફારસહ વધારો કરવા માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૧૮-૦૩-૨૦૦૧ના રોજ મળેલ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની મીટીંગમાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તરફથી અનૌપચારિક રીતે સૂચન થયેલ. ત્યારબાદ સદરહુ વિભાગ તરફથી આ બાબતની એક નોંધ પણ નાણા વિભાગને મોકલવામાં આવેલ.

આ સંદર્ભમાં કાળજીપૂર્વકની વિચારણાના અંતે નાણા વિભાગના વંચાણે લીધેલ તા.૧૩-૦૫-૯૭ના પરિપત્રની સૂચનાઓ રદ કરીને નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) હવેથી રૂપિયા એક કરોડ સુધીના કામો (Works) નાં ટેન્ડરો અંગે નિર્ણય લેવા. જે તે વહીવટી વિભાગ સક્ષમ રહેશે. જ્યારે રૂ. એક કરોડથી વધુ પરંતુ રૂ. પાંચ કરોડથી નીચેની રકમનાં ટેન્ડરો સંબંધિત વહીવટી વિભાગે સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગની સંમતિ મેળવીને જ મંજુર કરવાના રહેશે. જ્યારે રૂ. પાંચ કરોડ કે તેથી વધુ રકમનાં કામોનાં ટેન્ડરો માટે અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની સંમતિ મેળવવાની રહેશે.

(૨) સરકારી વિભાગો / કચેરીઓ દ્વારા કરવામાં આવતી જુદી જુદી ચીજવસ્તુઓની ખરીદી માટેની નીતિ અને પધ્ધતિ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે છે. આવી નીતિમાં અમુક નાણાંકીય મર્યાદા ઉપરાંતની ખરીદી સચિવશ્રીઓની ખરીદ સમિતિની મંજુરીથી કરવાની જોગવાઇ છે. આ ખરીદ સમિતિમાં સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ સભ્ય તરીકે હોઇ, સચિવોની ખરીદ સમિતિ દ્વારા લેવામાં આવતાં નિર્ણયો ઉપર સચિવશ્રી(ખર્ચ)/ અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની આવશ્યકતા રહેશે નહિ.

આ પરિપત્રની સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં લાવવા વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ
સંયુક્ત સચિવ,
નાણા વિભાગ.

.. ૨ ..

પ્રતિ,

- રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી
  તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવો.
  ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના વિરોધ પક્ષના નેતાના અંગત સચિવ
  સચિવાલયના તમામ વિભાગો.
- સચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
  તમામ ખાતાના વડા.
  તમામ કચેરીઓના વડા.
  તમામ કલેકટરો.
  જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  એકાઉન્ટન્ટ જનરલ, પો.બો.નં.૨૨૦, રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૧), ગુજરાત, બહુમાળી મકાન, સી-બ્લોક, લાલદરવાજા, અમદાવાદ.
  એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૨), પો.બો.નં.૨૭, રાજકોટ.
  હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
  તમામ તિજોરી અધિકારીઓ / તમામ પેટા તિજોરી અધિકારીઓ.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર-નર્મદા-વડોદરા.
  નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
  નાણા શાખાઓ સહિત, નાણા વિભાગની તમામ શાખાઓ.

<u>પસંદગી ફાઈલ, ઝ - શાખા.</u>

- પત્ર દ્વારા.

એમકે / ૩૫૦૧.